Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 2, October 2021

# ઓખામંડળની આર્થિક પ્રવૃત્તિ

**ડૉ.હિતેન્દ્રસિંહ વાય.ખરવાસિયા**

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા,

જિ.તાપી

ભારતના જુદાં જુદાં રાજ્યોના પ્રમાણમાં ગુજરાત રાજ્ય સામાજિક,આર્થિક, સાંસ્કૃતિક ને રાજકીય દ્રષ્ટિએ ખૂબ આગળ પડતું સ્થાન ધરાવે છે. ગુજરાતની પ્રજા સાહસિક હોવાથી છેક પ્રાચીન સમયથી ગુજરાતે ભારત સહિત વિશ્વના અનેક દેશો સાથે વ્યાપારી સંબંધો વિકસાવી આર્થિક વિકાસની દિશામાં દિન પ્રતિદિન પ્રગતિ કરી છે એવું જાણી શકાય છે.

ગુજરાતના ભૂરચના અનુસાર ત્રણ ભાગ પડે છે. મૂળ ગુજરાતનું મેદાન, સૌરાષ્ટ્ર અને કચ્છનો ડુંગરાળ દ્વિપકલ્પનો પ્રદેશ અને ઉત્તરપૂર્વનો પહાડી પ્રદેશ. ગુજરાતના ઉપરોક્ત જે ત્રણ ભાગ પડે છે, તેમાં સૌરાષ્ટ્ર છેક પ્રાચીન કાળથી વિવિધ ક્ષેત્રે પ્રસિદ્ધિ પામ્યું હતું એવું જાણવા મળે છે. પ્રાચીન ગ્રંથો, ઉત્કીર્ણ શીલાલેખો તથા વિદેશી મુસાફરોની નોંધમાંથી મળેલ જાણકારી મુજબ અત્યારના નવા રાજકીય વિભાગના નામકરણમાં આ ભૂમિના મરાઠાકાલીન અને પછી અંગ્રેજોના સમયથી ચાલુ રખાયેલા 'કાઠિયાવાડ' નામના બદલે, પ્રાચીન સમયથી પ્રચલિત નામ 'સૌરાષ્ટ્ર' કે 'સુરાષ્ટ્ર' તરીકે ઓળખાયુ. સૌરાષ્ટ્રનો ઉલ્લેખ ધાર્મિક તથા બિનધાર્મિક સાહિત્ય તથા ભારતમાં આવેલા વિદેશી મુસાફરોની નોંધમાંથી પણ પ્રાપ્ત થાય છે. રામાયણ, મહાભારત, વ્યાકરણાચાર્ય પાણિનીના અષ્ટાધ્યાય, કૌટિલ્ય (ચાણક્ય)ના અર્થશાસ્ત્રમાં, બુધ્ધ ધર્મની જાતક કથાઓમાં, મહાક્ષત્રપ રુદ્રદામનના જૂનાગઢના પર્વતીય લેખમાં, ટોલેમી નામના ભૂગોળશાસ્ત્રી તથા એરિયન નામના વિદેશી લેખકની નોંધમાં સૌરાષ્ટ્રનો ઉલ્લેખ થયેલ છે. જુદાં જુદાં ટાપુઓના બનેલા આ પ્રદેશની જાણકારી સમુદ્રી પ્રવાસના લગભગ ઓગણીસો વર્ષ પૂર્વે લખાયેલ 'પેરિપ્લસ' નામના ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં સૌરાષ્ટ્ર અને કચ્છના સાગરકાંઠાની હકીકતોનું વર્ણન કરવામાં આવેલ છે. પેરિપ્લસ' આ પ્રદેશને 'બરાકે' (BARAKE) તરીકે દર્શાવવામાં આવ્યો છે. પેરિપ્લસ' માં દર્શાવેલ 'બરાકે' તે જ આ દ્વારકા હશે તેમ કહી શકાય. દ્વારકાના સ્થાન વિશે પણ અલગ અલગ મત જોવા મળે છે. પરંતુ મહાભારતના મૌસલપર્વ, સ્કંદપુરાણ ઉપરાંત બીજા પુરાણો તથા જાતક કથાઓમાં દર્શાવવામાં આવેલી દ્વારકા તે આજની દ્વારકાને સ્થાને હોવાનું પ્રમાણિત કરે છે.

ડૉ. હિતેન્દ્રસિંહ વાય. ખરવાસીયા,
પ્રિન્સિપાલ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા, જિ. તાપી

પૌરાણિક પરંપરા પ્રમાણે આનર્તના વંશજ રૈવત પાસેથી યાદવો દ્વારકા સર કરે છે. આમ સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ યાદવ આધિપત્ય સ્થપાયું. આ યાદવોના બે મુખ્ય પુરુષ કૃષ્ણ અને બળદેવની નગરી તે દ્વારકા, વર્તમાન દ્વારકા આ અગાઉ જુદાં જુદાં નામે ઓળખાતું એવું પણ જાણવા મળે છે. જૈન ગ્રંથોમાં દ્વારકાનો 'બારવઈ' તરીકે ઉલ્લેખ થયો છે.

દ્વારકા પ્રદેશ ઓખા મંડળ - ઉષા મંડળ તરીકે પણ ઓળખાતો હતો એવું પણ જાણવા મળે છે. આ નામ કઈ રીતે પડયું એ બાબતે વિવિધ મતમતાંતરો પ્રવર્તે છે. આ અંગે એક મત એવો પણ જોવા મળે છે કે આ નામ હાલના ઘેવાડ ગામ પાસેથી માત્ર ચોમાસામાં વહેતી ઝરણ જેવી 'ઉષા' નામની નદીના નામ પરથી પડયું હશે. કારણકે પ્રાચીન કાળમાં જે તે કાંઠાના પ્રદેશ ત્યાંની નદીના નામ પરથી ઓળખાતા અને જે રીતે સરસ્વતીકાંઠાનો પ્રદેશ સારસ્વતમંડળ, તેવી જ રીતે આ 'ઉષામંડળ' તરીકે ઓળખાતો હોય. કેટલાક પુરાણોમાં પણ આ પ્રદેશને 'ઉષામંડળ તરીકે પણ ઓળખાવ્યો છે. આ ઓખામંડળ-દ્વારકા પ્રદેશ ગુજરાતના ઈતિહાસમાં જ નહિ, પરંતુ ભારતમાં સાંસ્કૃતિક, આર્થિક તથા ભૌગોલિક સ્થાનની દ્રષ્ટિએ ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે.

સૌરાષ્ટ્રને પ્રાપ્ય દરિયાકિનારા પર દ્વારકા ખૂબ મહત્વના સ્થાન પર આવેલ છે. પશ્ચિમ એશિયાના દેશની પ્રજા સમુદ્ર અથવા ગુજરાતમાં પ્રવેશવા માટે દ્વારકાના બંદરને અગ્રીમતા આપતી એવું પણ જાણવા મળે છે. પ્રાચીન સમયથી આ બંદરના મહત્વનો સ્વીકાર થયો હતો એવી પણ જાણકારી પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણના સમયમાં પરદેશી પ્રજાના ટોળા આ બંદરમાં ઉભરાતા એવું એક શ્લોકમાં દર્શાવવામાં આવ્યું છે. માનવ સંસ્કૃતિના આરંભકાળથી માંડી પૌરાણિક કાળ સુધી આ પ્રદેશ વિવિધ પ્રકારની સમૃદ્ધિથી સંપન્ન હતો એવી પણ જાણકારી પણ પ્રાપ્ત થાય છે. પ્રાચીન કાળથી દ્વારકા ભારતનું પ્રવેશદ્વાર (GATEWAY OF INDIA) બની રહયું છે. અહીંથી પણિઓ, પુણ્યજનો, ભાગર્વ, અસીરિયનો, બેકિટ્રયનો, સિથિયનો અને રોમનો ભારતમાં આવ્યા હતાં. સૌરાષ્ટ્રનો મહાસાગર કાળ જૂનો છે. મહાભારતની કથામાંના શ્રીકૃષ્ણનો સંબંધ જેની સાથે છે એવા દ્વારકા, બેટશંખોદ્વાર, પીંડારક અને પ્રભાસક્ષેત્ર સૌરાષ્ટ્રના સમુદ્ર તટ પરના પુરાણ પ્રસિદ્ધ સંસ્કારી સ્થળો મનાયા છે.

પ્રાચીન સમયથી આ પ્રદેશ ધાર્મિક તથા આર્થિક પ્રવૃત્તિની દ્રષ્ટિએ ખૂબ મહત્વનો સાબિત થયો છે. ઓખા મંડળની આર્થિક પ્રવૃત્તિને સમુદ્ર માર્ગે વિકસાવવાની કુદરત તરફથી અનુકૂળતા પ્રાપ્ત થયેલી છે. ખુલ્લા સમુદ્રમાંથી અંદરના ભાગે વહાણોને પ્રવેશવા માટે અર્ધા માઈલથી પણ વધુ પહોળું એવું આ બંદરનું બારૂ છે. જ્યારે સમુદ્રમાં ઓટ આવે ત્યારે પણ મોટા વહાણો સહેલાઈથી અવરજવર કરી શકે એટલા અહીં પાણી ઊંડા છે. બે માઈલ લાંબી અને વધુ પહોળાઈ ધરાવતી સપાટ જમીનની પટીને અડીને પશ્ચિમ બાજુએ ખુલ્લો સમુદ્ર અને પૂર્વ બાજુએ ઊંડા પાણીની નાળ છે. આ નાળમાં ખુલ્લા સમુદ્રના પાણી પૂર્વમાં ધસી પોતાનો પ્રવાહ દક્ષિણ તરફ પટ્ટીની લંબાઈ સુધી લઈ જાય છે. જ્યાં કોઈપણ સમયે વહાણો આવીને લંગર નાંખી શકે છે. વહાણો બાંધવા માટે વહાણોને ગુળમુખ કરવા કે સમારકામ કરવા માટે સુકામાં લઈ જવા વિશાળ વિસ્તારમાં રેતાળ પટ પડેલો છે. જ્યાંથી મોટી ભરતીના પાણી વહાણોને તરતા કરી ખુલ્લા સમુદ્રમાં મૂકી દે છે.

આમ ઉપર્યુક્ત ચર્ચાને આધારે કહી શકાય કે દરિયાઈ વેપાર કે પ્રવૃત્તિ માટેની બધી જ અનુકૂળતા આ પ્રદેશને કુદરત તરફથી પ્રાપ્ત થયેલી હતી. જેને પરિણામે વહાણવટું અને દરિયાઈ વેપાર ખૂબ જ વિકાસ પામ્યા હતા. પુરાતનકાળમાં પૃથ્વી પર બે પ્રદેશોનું વહાણવટું વખણાતું હતું. એક સ્પેનનું અને બીજું સૌરાષ્ટ્રનું. સૌરાષ્ટ્રના ચાવડા, કાઠીઓ તથા જાડેજા, વાઘેરોએ સૌરાષ્ટ્રના વહાણવટાને વિકસાવીને ખૂબ ઉચ્ચ સ્થાને પહોંચાડ્યું હતું. વરસો પહેલા કોઈ જાતના નૌકાશાસ્ત્રના સાધનોની મદદ વગર કેવળ પોતાની હૈયા ઉકલત વડે સૌરાષ્ટ્રના ક્ષત્રિય નાવિકો સમુદ્રમાં ઝંપલાવતા અને સાગરખેડુ તરીકે ઓળખાતા. " ઋતુના પવનના વેગ અને દિશા પરથી, સમુદ્રના પાણીના રંગ અને ઉછાળ ઉપરથી, પાણીમાં તણાતી વનસ્પતિના પ્રકાર પરથી, જળચર અને ખેચર પ્રાણીઓના દર્શન પરથી અને આકાશના તારાની દિશા પરથી સૌરાષ્ટ્રના નાખુદા-માલમ પોતાનું વહાણ કયા વખતે, કયે સ્થળે મહાસાગરમાં વિચરી રહ્યું છે. તે ચોકસાઈથી કહી શકતા હતા." સૌરાષ્ટ્રના વિવિધ બંદરો પૈકી દ્વારકા બંદરેથી સાહસિક વેપારી ઝાંઝીબાર, મોઝામ્બિક, મોમ્બાસા અને મસ્કત પહોંચતા. ત્યાં સોરઠી થાણા નાંખતા અને સૌરાષ્ટ્ર અને કચ્છને કાંઠે અઢળક સંપત્તિ લઈ આવતા. આફ્રિકાના હાથીદાંત અને અરબસ્તાનના ખજૂર અને ખારેકને ભારતની સંસ્કૃતિમાં સ્થાન અપાવનાર સૌરાષ્ટ્રના બંદરોમાંનું દ્વારકા પણ એક હતું. પ્રાચીન સમયમાં ભારતમાં આવેલા વિદેશી પ્રતિનિધિઓની નોંધમાંથી પણ દ્વારકાના મહત્વના વ્યાપારી કેન્દ્ર તરીકેની જાણકારી મળે છે. ઈ.સ.પૂર્વે 317 થી ઈ.સ.પૂર્વે 312 દરમિયાન ચંદ્રગુપ્ત મૌર્યની કચેરીમાં રહેતા મેગેસ્થેનીશે પણ દ્વારકાને વ્યાપારના મહત્વના કેન્દ્ર તરીકે દર્શાવ્યું છે.

આ ઉપરાંત ઓખા મંડળ પ્રદેશના ટાપુઓમાં દ્વારકા સિવાય પણ બીજા કેટલાક મહત્વના ટાપુઓ આવેલ છે. આ ટાપુઓ પણ વેપારી પ્રવુત્તિને ઉત્તેજન આપનારી લાક્ષણિક્તા ધરાવનારા જણાય છે. ઓખમંડળ પ્રદેશ માં બેટ શંખોદ્વાર નામનો ટાપુ પણ આવેલ છે. આ બેટ પણ ઓખા મંડળના પ્રદેશ જેટલો જ પ્રાચીન જણાય છે. આ બેટના એક ભાગમાં વહાણો આશ્રય લઈ શકે તેવી કુદરતી રચના થયેલી છે. આજે પણ બેટ ના એક ભાગ ને 'બારુ' કહેવામાં આવે છે.

ઓખા મંડળનો પ્રદેશ ખેતી કામ માટે યોગ્ય નથી.આ પ્રદેશ ભૂસ્તરીય દ્રષ્ટિએ ચુનાના પથ્થરોનો બનેલો છે.તેની જમીનમાં ચુનાના પથ્થરો પ્રમાણ 80 થી 97 ટકા જેટલું છે. અહીંના સમુદ્રની રેતીમાં પણ ચુનાના પથ્થરોનું પ્રમાણ 80 ટકા અને રેતીનું પ્રમાણ 19 થી 20 ટકા જેટલું છે. જેને પરિણામે અહી જમીન અન્ય પ્રદેશોની જમીનની તુલનાએ ખરીફ પાકો માટે પ્રતિકુળ છે. ઉપરાંત સિંચાઈ માટેની પણ કોઈ સગવડ ઉપલબ્ધ નથી. પાણીના સંગ્રહ દ્વારા સિંચાઈ થઈ સકે તેવા જળાશયોનો પણ અભાવ છે. નદીઓ ન હોવાથી ચોમાસું નિષ્ફળ જાય ત્યારે પાક લઈ શકાતો નથી. ટૂંકમાં જોઈએ તો ઓખામંડળમાં ખેતી યોગ્ય ભૂમિનો અભાવ જોવા મળે છે. પરતું તેને બદલે અહિ કુદરતે વિશાળ જળ સંપત્તિ અને સીમેંટ, મીઠું, કેમિકલ્સ જેવા ઉદ્યોગોને લાયક ભૂસ્તર, જળ ને હવામાનની સુવિધા કરી આપી છે. પરિણામે અનેક સાહસિક ઉદ્યોગપતિઓએ અહીં મહત્ત્વના ઉદ્યોગો સ્થાપી આ પ્રદેશના અર્થતંત્રમાં સિંહફાળો આપ્યો હોવાની પણ જાણકારી પ્રાપ્ત થાય છે.

ઓખા મંડળને કુદરત તરફથી બંદરીય વિકાસની અનુકૂળતા પ્રાપ્ત થયેલી છે. પરંતુ સ્થાનિક શાસકો દ્વારા આ પ્રદેશનો મહત્ત્વના બંદર તરીકે વિકાસ કરવાનો પ્રયાસ ઘણો પાછળથી થયો હોય તેમ જણાય છે. આ પ્રદેશનો બંદરીય વિકાસ શ્રીમંત

સયાજીરાવ મહારાજને આભારી હતો એવું કહી શકાય. તેમણે ઈ.સ.1882ની સાલથી વેપારના આ પુરાતન પાટનગરની પુનઃરચના કરવાની શરૂઆત કરી અને ઓખાને બંદર તરીકે વિકસાવવાના સર્વ પ્રયત્નો ચાલુ રાખ્યા. વ્યાપારના વિકાસ માટે આ બંદરને કાઠિયાવાડ અને ગુજરાત સાથે જોડવું જ પડે તેમ હોવાથી જામનગર રેલ્વેની સાથે તેનું જોડાણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મોટી સ્ટીમરો ઊભી રહી શકે તે માટે 400 ફૂટ લાંબો એક ધક્કો પણ બાંધવામાં આવ્યો હતો. વળી વખારો અને બીજી વ્યાપારીઓને જોઈતી અન્ય સગવડો પણ અહીં કરવામાં આવી અને વિધિસર 14 ફેબ્રુઆરી, 1926માં શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના શુભ હસ્તે ઓખાબંદરને ખુલ્લું મુકવામાં આવ્યું. આ બંદર મુંબઈ અને કરાંચીના સીધા દરિયાઈ માર્ગે આવેલ છે. કાઠિયાવાડના વાયવ્ય ખૂણામાં તે આવેલ હોય, વર્ષના કોઈપણ ભાગમાં આવ જા કરતી સ્ટીમરો સીધી અહીં આવી શકે છે. આ બંદરે ઉદ્યોગ ધંધાને અનુકૂળ સગવડતાઓ ઉપલબ્ધ હોવાથી અનેક ઉદ્યોગોને વિકસાવવાની પર્યાપ્ત તક પ્રાપ્ત થયેલી છે, જેને પરિણામે મીઠા ઉદ્યોગો, સિમેન્ટ ઉદ્યોગ, ખનીજતેલની સંસ્થાઓ, દરિયાઈ સંપત્તિ સાથે સંકળાયેલા ઉદ્યોગો, દરિયાઈ વહાણોનો ઝડપી વિકાસ થયો હોવાનું જાણી શકાયું છે. પરિણામ સ્વરૂપે ઓખા મંડળનો આર્થિક વિકાસ તથા દરિયાઈ વેપાર વધુ સરળ બની શકયા તેમ ઉપરોક્ત ચર્ચાને આધારે કહી શકાય.

❖ <u>સોલ્ટ વર્કસ તથા રસાયણોનું કારખાનુ :</u>

આ પ્રદેશની પ્રાપ્ય સગવડતાને અનુરૂપ અહીં મીઠું તૈયાર કરવાના તથા તેની સાથે સંકળાયેલ વિવિધ પ્રકારના રસાયણો બનાવવાના કારખાનાની સ્થાપના થયેલી છે. દરિયાના પાણીમાંથી મીઠું પકવી તેમાંથી સોડાએશ અને બીજા રસાયણો ઉત્પન્ન કરવા સૌ પ્રથમ ઈ.સ.1927માં ઓખા સોલ્ટ વર્કસ લિમિટેડ નામના કારખાનાની સ્થાપના કરવામાં આવી. આ ઉદ્યોગ ઈ.સ.1939માં ઉદ્યોગપતિ તાતાના હાથમાં આવ્યો. જેને પરિણામે આ પ્રદેશ ભારતના ચાવીરૂપ ઉદ્યોગોમાં સ્થાન ધરાવે તેવો રાસાયણિક ઉદ્યોગનું ધામ બન્યો. આ કારખાનું ઘણુ જ વિશાળ તથા તેની પાછળ મોટું નાણાંકીય રોકણ કરવામાં આવેલ છે. આ કારખાનુ 6000 એકરમાં વિસ્તરેલ છે તથા રૂ.1120.94 લાખનું મૂડીરોકાણ તેની પાછળ કરવામાં આવેલ છે. આ પ્રદેશના આર્થિક વિકાસમાં તથા લોકોને રોજગારીની તક પૂરી પાડવાની બાબતમાં આ કારખાનું ખૂબ ઉપયોગી સાબિત થયું છે. કારખાનામાં 2600 કરતા વધુ કારીગરો રોકાયેલ હોય, આ લોકોને રોજગારીની તક પૂરી પાડે છે. અહીં આગળ મોટા પ્રમાણમાં મીઠાનું ઉત્પાદન થાય છે તથા તેની વિદેશમાં પણ નિકાસ કરવામાં આવે છે, ઓખા સોલ્ટ વર્કસે 43,996 ટન મીઠું પકાવી તેમાંથી 42,159 ટન જેટલું મીઠુ ઈ.સ.1937-38ના વર્ષ દરમ્યાન વિદેશમાં મોકલ્યું હતું. અહીંથી ઈસ્ટ આફ્રિકા જેવા પરદેશમાં મીઠાની મોટા પાયે નિકાસ કરવામાં આવતી. આ ઉપરાંત ઈપ્સમ સોલ્ટ, મેગ્નેશિયમ ક્લોરાઈડ જેવી મીઠાની ઉપપેદાશો બનાવવા માટે પાયોનિયર મેગ્નેઝિયા વર્કસની મીઠાપુર ખાતે ઈ.સ.1930 માં સ્થાપના કરવામાં આવી હતી. આ કારખાનું વિદેશી હૂંડિયામણની કમાણીની દ્રષ્ટિએ ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થયેલ જણાય છે. આ કારખાનામાંથી ઈ.સ.1937-38ના વર્ષમાં મોટાપાયે જર્મની અને યુનાઈટેડ કિંગડમ ખાતે માલની નિકાસ કરવામાં આવી હોવાનું પણ નોંધાયું છે.

❖ <u>સિમેન્ટનું કારખાનુ</u>

દ્વારકામાં સિમેન્ટ ઉત્પાદનનો ઉદ્યોગ પણ વિકસિત થયેલ છે. અહીં મોટાપ્રમાણમાં સિમેન્ટનું ઉત્પાદન થાય છે. જેને પરિણામે દેશના આર્થિક વિકાસમાં તેનું યોગદાન મહત્વનું રહેવા પામ્યું છે. ઈ.સ. 1921માં એસોસીએટેડ સિમેન્ટ કંપનીની સ્થાપના સ્વ.પુરુષોત્તમ વિશ્રામ માવજી અને સ્વ.વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશીએ કરી હતી. તેની હરીફાઈમાં બીજી કંપની સ્થપાતા તે બંધ થઈ . પરંતુ ઈ.સ.1924 માં સ્વ.એફ.સી.દિનશાએ આ સિમેન્ટ વર્કસ ખરીદી લીધું અને તેનું ઉત્પાદન અને વિકાસ શક્તિથી આકર્ષાઈને બીજી સિમેન્ટ કંપની પણ તેમાં ભળી ગઈ અને તેનું નામ બદલીને એસોસીએટેડ સિમેન્ટ કંપની રાખવામાં આવ્યું. આ કારખાનું પણ લોકોને રોજગારીની તક પૂરી પાડે છે.

❖ ખનિજતેલની સંસ્થાઃ

ઓખામાં વિવિધ ઉદ્યોગો ઉપરાંત ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન નામની જાહેર ક્ષેત્રની ખનીજતેલની આયાત, શુદ્ધિકરણ અને વહેંચણી કરતી સંસ્થાની સ્થાપના ઈ.સ.1961માં કરવામાં આવી હતી. હાલમાં આ કોર્પોરેશન જામનગર, જૂનાગઢ, અમરેલી અને ભાવનગર જિલ્લાને ફરનેસ ઓઈલ, લાઈડ ડીઝલ ઓઈલ (ક્રુડ ઓઈલ) પણ પૂરું પાડે છે. ઓખા મંડળની કુલ આવક માંથી પચાસ ટકા જેટલી આવક આ ખનીજતેલ કંપની માંથી પ્રાપ્ત થાય છે.

❖ <u>વિપુલ દરિયાઈ સંપત્તિ</u>

ઓખામંડળ પ્રદેશને કુદરત તરફથી વિશાળ દરિયા કિનારો પ્રાપ્ત થયેલો છે. અહીં ખેતીના પાક માટે આનુકૂળ પરિસ્થિતિ કુદરત તરફથી પ્રાપ્ત ન થઇ હોવા છતાં, કુદરતે આ પ્રદેશને દરિયાઈ સંપત્તિની અમૂલ્ય ભેટ ધરી છે. આ પ્રદેશે દરિયામાંથી વિવિધ વસ્તુઓ પ્રાપ્ત કરી ભારતીય અર્થતંત્રને શક્તિ પૂરી પાડવાનું કામ કર્યું છે એવી કહેવામાં અતિશયોક્તિ નથી. અહીંના દરિયામાંથી શંખ, દરિયાઈ વનસ્પતિ, શેલફીશ, શાર્ક, ઓઈસ્ટર જેવી અન્ય દરિયાઈ સામગ્રીઓના વિપુલ સ્ત્રોતો મળી આવ્યા છે. મહાભારતના સમયના યુધ્ધમાં યોધ્ધાઓના રણશીંગાં બનેલા પાંચજન્ય, દેવદત્ત અને પૌંડ્ર નામના શંખ દ્વારકાના દરિયામાંથી જ મળી આવ્યા હોવા ની પણ માહિતી પણ પ્રાપ્ત થાય છે. ઓખા બંદરેથી મળી આવતા શંખ આજે આવક મેળવી આપવાનું સાધન બન્યા હોય તેમ જાણવા મળે છે. અહીંથી જે શંખ દરિયામાંથી મળે છે, તેને બંગાળના બંગડીના કારખાનામાં પહોંચતા કરવામાં આવે છે. જેને કારણે બંગડી બનાવવાના ઉદ્યોગને ઉત્તેજન મળ્યું છે. આ ઉપરાંત મત્સ્ય ઉદ્યોગને અનુકૂળ પરિસ્થિતિ ઉપલબ્ધ હોવાને કારણે વિવિધ પ્રકારની માછલીઓના વિપુલ ભંડારો પ્રાપ્ત થયા છે. અહીંના સાગરમાંથી ઘણી સારી જાતની માછલીઓ અને ઝીંગા પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. જેની પરદેશમાં નિકાસ કરવામાં આવે છે. જે વિદેશી હૂંડિયામણ મેળવી આપે છે. આ ઉપરાંત મોતી પકાવનાર માછલીઓ પકડી મોતી એકઠા કરવાની પ્રવૃત્તિ પણ કરવામાં આવે છે. પોશિત્રાના કાદવભર્યા કાંઠામાંથી વિન્ડોન ઓઈસ્ટર નામની મોતી પકવનારી માછલીઓ પણ મળી આવે છે. જે ઓખા મંડળની આર્થિક પ્રવૃત્તિનું એક ઉપયોગી સાધન બની રહ્યું છે.ઓખામંડળના વાઘેરો અને ભડેલાઓ મોતી પકવનારી માછલીઓ પકડી તેમના શરીરમાં રહેલા નાના કુદરતી મોતી એકઠા કરવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.

❖ દરિયાઈ વહાણોની અવરજવરઃ

આ બંદરે દરિયાઈ વહાણોની અવરજવરની અનુકૂળતા હોવાથી અનેક દેશી પરદેશી આ બંદરે આવે છે. હંસા, હોલેન્ડ, બ્રિટીશ ઈન્ડિયા, કલેન એન્કર, એલરમેન, વિલ્સન એન્ડ સીટીહોલ લાઈનના વહાણો નિયમિત રીતે પરદેશી માલ માટે આવે છે. એશિયાટીક, બોમ્બે સ્ટીમ નેવીગેશન અને સિંધીયા સ્ટીમ નેવીગેશનના વહાણો સ્થાનિક ચીજોનો માલ લઈ આવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઓખા બંદરે ઘણા વહાણો અને સ્ટીમરોની અવર જવર થઈ હતી. દા.ત. ઈ.સ.1937-38ના વર્ષમાં આ બંદરે કુલ 946 જેટલી સ્ટીમરો અને વહાણોની અવર જવર થઈ હતી. આ પ્રદેશના આર્થિક વિકાસમાં વડોદરાના ગાયકવાડ શાસકો, ઉદ્યોગપતિઓ ઉપરાંત વિવિધ વેપારીઓનો ફાળો પણ મહત્ત્વનો રહેવા પામ્યો છે. અનાજ, ખાંડ, લોખંડ, સ્ટોર કંપનીઓ, સ્ટીમર એજન્ટ, ક્લીયરીંગ એજન્ટ સાથે સંકળાયેલા વિવિધ વેપારીઓની પણ હયાતી હોવાનું જણાય છે. ઓખામંડળના વેપાર અને ઉદ્યોગ સાથે કેટલાક સાહસિકો જેવા કે શ્રીગોકળદાસ નારણદાસ-અનાજના વેપારી, ગોકળદાસ એન્ડ સન્સ અને કોન્ટ્રેક્ટર, બ્રધર્સ-ક્લીયરીંગ એજન્ટ, ઉત્તમલાલ માણેકલાલ, ચંદુલાલ નાથાલાલ, માણેકલાલ પૂજીરામ અને હાજી યુસુફ હાસમ મકલાઈ ખાંડના વેપારી, પેસ્તનજી છોટાલાલ અને હાજી અહમદ હાજી સફાઈ-લોખંડના વેપારી, કાવસજી એન્ડ સન્સ અને પેસ્તનજી ભીખાજીની કુ-સ્ટોક કંપનીઓ, છોટાલાલ પ્રેમજીભાઈ અને જમનાદાસ એમ.બક્ષી, બોમ્બે સ્ટીમર નેવીગેશન કું.લી., બેંન્ક ઓફ બરોડા લિમિટેડ વગેરે જોડાયેલા છે.

ઉપરોક્ત ચર્ચાને આધારે એવું જાણી શકાય છે કે ઓખા મંડળની આર્થિક પ્રવૃત્તિના વિકાસમાં તથા તેની આર્થિક સમૃદ્ધિમાં ત્યાંના બંદરો વિવિધ દરિયાઈ સંપત્તિ, ગાયકવાડ સરકાર, ઉદ્યોગપતિઓ તથા જુદાં જુદાં વેપારીઓનો ફાળો મહત્વનો રહ્યો હતો. જેને પરિણામે આ પ્રદેશનો આર્થિક વિકાસ ઝડપી બન્યો હતો. ઉપરાંત તેની સાથે સાથે રાષ્ટ્રને વિદેશ હૂંડિયામણની બચત કરાવીને ભારતીય અર્થતંત્રને ગતિશીલ તથા વિકાસની દિશામાં આગળ લઈ જવામાં આગત્યની ભૂમિકા પૂરી પાડી છે.